મનોદિવ્યાંગો માટે રાજ્યકક્ષાના ખેલ મહાકુંભનો પ્રારંભ

જિલ્લાના ૧૫૩ ખેલાડીઓ સ્પર્ધામાં સાજેદાર બન્યા

રાજ્યકક્ષાના ખેલ મહાકુંભમાં ગાંધીનગર જિલ્લાના ખેલાડીઓ પ્રથમ વખત આટલી મોટી સંખ્યામાં સાજેદાર

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરે પોતાની ઓળખ જેમ સરકારી નગરીમાંથી સાંસ્કૃતિક નગરી, સાહિત્યની નગરી, કલાકારોની નગરી કે રમતવીરોની નગરી તરીકે પ્રસ્થાપિત કરી છે તેમ જિલ્લો પણ પોતાની આવી જ ઓળખ પ્રસ્થાપિત કરી રહ્યો છે. આ વખતે જિલ્લાને આ બાબતમાં સહાય કરી છે જિલ્લાના મનોદિવ્યાંગ બાળકોએ, જેઓ જિલ્લાના અત્યાર સુધીના ઈતિહાસમાં સૌથી વધુ સંખ્યામાં ભાગ લઈ રહ્યા છે.

સ્પેશિયલ ખેલ મહાકુંભ અંતર્ગત મનોદિવ્યાંગ ખેલાડીઓ માટે રાજ્યકક્ષાની ટુર્નામેન્ટનો શનિવારથી પ્રારંભ થયો છે, જેમાં ગાંધીનગર જિલ્લાના ૧૫૩ ખેલાડીઓ ભાગ લઈ રહ્યા છે. ઉલ્લેખનીય છે કે સ્પેશિયલ ખેલ મહાકુંભની રાજ્ય કક્ષાની સ્પર્ધામાં અત્યાર સુધીમાં ગાંધીનગર જિલ્લાના ખેલાડીઓની આ સૌથી મોટી ભાગીદારી છે. ગત વર્ષે રાજ્યકક્ષાના સ્પેશિયલ ખેલ મહાકુંભમાં જિલ્લાના ૧૪૭ ખેલાડીઓ સામેલ થયા હતા, અને આ વખતની સંખ્યા એથી પણ વધુ એટલે કે ૧૫૩ સુધી પહોંચી છે.

આ ખેલાડીઓ ઍથ્લેટિક્સ, સાઈકલિંગ, બોચી, બૅડમિંટન, ટેબલ-ટૅનિસ, ફૂટબૉલ, હૅન્ડબૉલ, સૉફ્ટબૉલ ક્રિકેટ જેવી રમતોમાં ભાગ લઈ રહ્યા છે. આ ખેલાડીઓને તેમના સ્પેશિયલ ઍજ્યુકેટર્સ દ્વારા તાલીમ આપીને તૈયાર કરવામાં આવ્યા છે.

ગાંધીનગરની ટીમનું નેતૃત્વ જિજ્ઞેશ વસંત રાવલ અને વિનોદભાઈ ચૌધરીની રાહબરી હેઠળ પૌરીન પટેલ અને વિશ્વાસ મિસ્ત્રી કરી રહ્યા છે.

સ્પર્ધા અગાઉ શુક્રવારે ગાંધીનગર જિલ્લા રમતગમત અધિકારી મહેશભાઈ ચૌધરીએ જિલ્લાની આ સમગ્ર ટીમને રાજ્યકક્ષાની આ સ્પર્ધા માટે શુભકામનાઓ પાઠવી હતી.

સ્પર્ધા અંતર્ગત વિવિધ સ્પર્ધાઓ ગૂજરાત વિદ્યાપીઠ - અમદાવાદ, નૅશનલ લૉ યુનિવર્સિટી - રાયસણ અને ગુજરાત યુનિવર્સિટી સ્પોર્ટ્સ કૉમ્પલેક્ષ - અમદાવાદ ખાતે યોજાઈ રહી છે, જે ૧૯ ડિસેમ્બર સુધી કાયમ રહેશે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત

આર ઍન પટેલ સ્કૂલમાં પૂ. દાસકાકા રમતોત્સવ

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલ ખાતે પૂ. દાસકાકા સ્મૃતિ શિયાળુ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ગાંધીનગર વ્યાયામ મંડળનાં સહમંત્રી વિરાજબેન પટેલ ઉપસ્થિત રહ્યાં હતાં. કાર્યક્રમનું સંચાલન વ્યાયામ શિક્ષક મનીષાબેન દ્વારા અને સમારોહનું સંચાલન ભગવતીબેન દ્વારા કરવામાં આવ્યું હતું.

ધોરણ-૧થી ૮ના ૭૨૦ જેટલા વિદ્યાર્થીઓએ દોડ, કોથળા દોડ, ગોળાફેંક, લીંબુ ચમચી, ઘડાદોડ, લાકડી બેલેન્સ, સંગીત ખુરશી, બ્રોડ જમ્પ, બોલ એન્ડ બકેટ, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, લાંબીકૂદ, દડાફેંક, ફુગ્ગા ફોડ જેવી સ્પર્ધાઓમાં ઉત્સાહથી ભાગ લીધો હતો. પ્રથમ ત્રણ ક્રમે વિજેતા બનનારા ૧૨૦ વિદ્યાર્થીઓને ઈનામો અને પ્રમાણપત્રો એનાયત કરી બિરદાવવામાં આવ્યા હતા. શાળાના વ્યાયામ વીર તરીકેનો ખિતાબ તૃષિક અરવિંદભાઈ કટારા અને અને વીરબાળા તરીકેનો ખિતાબ જિયા ભદ્રેશભાઈ પટેલે હાંસલ કર્યો હતો.

જન્મદિને વધામણી

વિપુલ જોષી
પત્રકાર
ગુજરાત સમાચાર, ગાંધીનગર
મો. ૯૪૨૭૦ ૫૩૬૭૩

સંજય ગોસ્વામી
વેદ મીડીયા
મો. ૯૮૨૪૦ ૧૧૦૧૦



મહેન્દ્રભાઈ કે ચૌહાણ
મંત્રી, દંટાવ્ય કેળવણી ટ્રસ્ટ
મો. ૯૪૨૭૦ ૫૬૮૪૫

બાપુ નૉલેજ વિલેજની બે કૉલેજમાં ઈન્ડિયન રેડ ક્રૉસ સોસાયટી દ્વારા

થૅલેસેમિયા જાગૃતિ અને ચૅક-અપ કૅમ્પ

ગાંધીનગર, તા. ૧૫

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાત રાજ્ય શાખાના સહયોગથી ગાંધીનગર જિલ્લા શાખા દ્વારા થેલેસેમિયા અવેરનેસ અને ટેસ્ટ કૅમ્પનું આયોજન શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટીટ્યુટ ઑફ સાયન્સ અને કૉમર્સ, વાસન ખાતે કરવામાં આવ્યું હતું. ૧૧૫ જેટલા વિદ્યાર્થીઓએ આ કૅમ્પ અંતર્ગત થૅલેસેમિયા ટેસ્ટ કરાવ્યો હતો. સ્ટેટ રેડ ક્રોસના સિનિયર ટૅકનીશિયન નિલેશભાઈ ભારતીય, ભરત શ્રીમાળી, ભાવેશ ચૌહાણ, કૉલેજના આચાર્ય ઉમંગભાઈ પંડ્યા, ઍનઍસઍસ પ્રોગ્રામ ઑફિસર રાજપ્રિયા પટેલ અને છાયાબેન ધોરૂની ટીમે સાથે મળીને આ કૅમ્પને સફળ બનાવ્યો હતો. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા રેડ ક્રૉસના જીલુભા ધાંધલ, અશ્વિનભાઈ દવે ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓને થૅલેસેમિયા જાગૃતિ અંગેની પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત

શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ ખાતે રવિવારે પૂર્વ વિદ્યાર્થી સ્નેહન સંમેલન યોજાશે

કૉલેજની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થતાં ઉજવણીનું આયોજન

ગાંધીનગર, તા. ૧૫

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી કે ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ, ગાંધીનગરની સ્થાપનાને ૨૫ વર્ષ પૂર્ણ થયાં છે.

સંસ્થા દ્વારા રજત જયંતીની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે, જેના ભાગરૂપે સંસ્થામાં ૧૯૯૪થી અત્યાર સુધી સ્નાતક કે અનુસ્નાતક કક્ષાએ અભ્યાસ કરનાર વિદ્યાર્થિનીઓનું સ્નેહ સંમેલન યોજાઈ રહ્યું છે.

આગામી તા. ૨૨મી ડિસેમ્બર ને રવિવારે સવારે ૯.૩૦ કલાકે યોજાઈ રહેલા આ સ્નેહ સંમેલનમાં જોડાવા માટે સૌ વિદ્યાર્થિનીઓને કૉલેજ પરિવાર દ્વારા ઈન પાઠવાયું છે. વિદ્યાર્થિનીઓને આ સંમેલનમાં પોતાના આગમન અંગેની જાણ કરવા માટે આચાર્ય ઍમ ઍમ ચૌધરી (૯૯૨૫૦ ૩૭૦૧૦) અથવા ડૉ. ઊર્મીલાબેન ચૌધરી, ડૉ.સજ્જનબેન ચૌધરી, પ્રૉ. ગીતાબેન ચૌધરી કે ડૉ. રાકેશભાઈ પટેલનો સંપર્ક કરવા માટે કૉલેજ પરિવાર દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

હેપ્પી ફેસિસ ફાઉન્ડેશન 'અમદાવાદ સોશિયલ'માં

હેપ્પી ફેસિસ ફાઉન્ડેશન એ અમદાવાદ ખાતે રજિસ્ટ્રેડ ટ્રસ્ટ છે જે મહિલાઓ માટે સ્વરોજગાર, તાલીમ અને સશક્તિકરણ ક્ષેત્રે કાર્યરત હૅપ્પી ફેસિસ ફાઉન્ડેશને શ્રેયસ ફાઉન્ડેશન દ્વારા શનિવારે આયોજિત 'અમદાવાદ સોશિયલ' કાર્યક્રમમાં ભાગ લીધો હતો. સંસ્થાનાં લાભાર્થી બહેનો દ્વારા આ કાર્યક્રમમાં સક્રિય સાજેદારી દાખવી હતી. કાર્યક્રમ અંતર્ગત સાંસ્કૃતિક કાર્યક્રમો, ટોક શૉ, મ્યુઝિક, હસ્તકલાની વસ્તુઓનું પ્રદર્શન આકર્ષણરૂપ રહ્યું હતું. અમદાવાદ શહેરના અગ્રણીઓ, શિક્ષણવિદો, ઉદ્યોગસાહસિકો અને કલા ક્ષેત્રના પ્રસિદ્ધ વ્યક્તિઆ એ આ ઈવેન્ટની અને તેમાં સમાવિષ્ય હેપ્પી ફેસિસ ફાઉન્ડેશનના સ્ટોલની પણ મુલાકાત લીધી હતી, જેમાં અમદાવાદ મહાનગરપાલિકાનાં મેયર મેયર બિજલબેન પટેલ પણ સામેલ હતાં.

ઍસ.વી. અંગ્રેજી સ્કૂલમાં 'પેપર પ્લેટ ઍક્ટિવિટી'

ગાંધીનગર, તા. ૧૫

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઍસ. વી. ઇંગ્લિશ મીડિયમ પ્રિ-સ્કૂલમાં 'પેપર પ્લેટ એક્ટિવિટી' યોજાઈ ગઈ, જેમાં બાળકોએ પેપર પ્લેટને અલગ અલગ રીતે ફોલ્ડ કરી, તેમાંથી 'રેબિટ' અને 'કેટ' બનાવ્યા હતા. આ એક્ટિવિટીમાં તેમને શિક્ષકોએ મદદ અને માર્ગદર્શન પૂરા પાડ્યાં હતા. પોતે જાતે બનાવેલા 'રેબિટ' અને 'કેટ' જોઈને બાળકો અત્યંત રોમાંચિત થઈ ગયાં હતાં. વાલીઓએ પણ પેપર પ્લેટમાંથી કાચબો, સ્નોમેન, ફિશ ટેન્ક, બોટ, રેબિટ હાઉસ, બિલાડી, દેડકો વગેરે બનાવીને પોતાના બાળકો સાથે મોકલ્યાં હતાં, જે બદલ શાળા સંચાલને વાલીઓ પ્રતિ આભારની લાગણી પ્રગટ કરી હતી.

ગાંધીનગર જિલ્લા રમત-ગમત અધિકારીની કચેરી દ્વારા જિલ્લાકક્ષાની દિવ્યાંગ ખેલ મહાકુંભ સ્પર્ધા સ્પોર્ટ્સ ઑથોરિટી ઑફ ઈન્ડિયા ગ્રાઉન્ડ, ગાંધીનગર ખાતે યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં શ્રી પી પી આર શાહ હાઈસ્કૂલ, લીંબોદરાની વિદ્યાર્થિની તન્વી કમલેશભાઈ પટેલે ચક્રફેંક અને ગોળાફેંક સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તન્વીને વ્યાયામ શિક્ષક વિશાળ થોરાત તરફથી તાલીમ પ્રાપ્ત થઈ હતી. આચાર્ય તેજસિંહ પરમારે સમગ્ર શાળા પરિવાર તરફથી તન્વીને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા.

ગણપત યુનિવર્સિટીના આંગણે ગીતા જયંતીની ઉજવણી

ઉત્તમ લીડર એ તેના પ્રદાન અને સેવા દ્વારા ઓળખાય છે

ગાંધીનગર, તા. ૧૫

ગીતા જયંતીની ઉજવણી નિમિત્તે ગણપત યુનિવર્સિટીના આંગણે ઈન્કોન, નવી દિલ્હીના સંત સ્વામી અમોઘ લીલા પ્રભુનું શ્રીમદ ભગવદ્ગીતા વિષયે એક વ્યાખ્યાન યોજાયું હતું.

'મૅનેજમૅન્ટ ઍન્ડ લીડરશીપ લેસન્સ ફ્રોમ ભગવદ્ગીતા' વિષયે સ્વામીજીના અભ્યાસપૂર્ણ પ્રવચન અવસરે ગણપત યુનિવર્સિટીના પ્રમુખ પદ્મશ્રી ગણપતભાઈ પટેલ, ભાગ્યેશ જહા, યુનિવર્સિટીના પ્રો ચાન્સેલર પ્રૉ. ડૉ. મહેન્દ્ર શર્મા, પ્રો વાઈસ ચાન્સેલર ડૉ. આર કે પટેલ, ઍક્ઝિ. રજિસ્ટ્રાર અમિત પટેલ સહિત વિવિધ વિદ્યાશાખાઓના ડીન, અધ્યાપકો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યા હતા.

સ્વામી અમોઘ લીલા પ્રભુએ પોતાના ચિંતનશીલ પ્રવચનમાં ગીતાનો અનેકવિધ રીતે મહિમા ગાતાં જણાવ્યું હતું કે ગીતા એ દિવ્ય જ્ઞાનનો ગ્રંથ છે, જે તમને વધુ સારા માણસ બનાવે છે. માણસ દ્વારા ઉદ્ભવતી દરેક શંકાનું ગીતામાં સમાધાન મળી રહે છે. ગીતા એ મોસ્ટ સિક્યુલર બૂક છે અને તે દરેક આત્મા માટે ઍપ્લિકેબલ છે. મહાભારતમાં ગીતા એક હીરા સ્વરૂપ છે.

ગીતા આપણને સમજાવે છે કે ઉત્તમ લીડર એ તેના પ્રદાન અને તેની સેવા દ્વારા ઓળખાય છે, નહીં કે તેની પોઝિશન કે પાવર દ્વારા. લીડર હંમેશાં હંબલ હોય છે, નમ્ર અને વિવેકી હોય છે. વ્યાખ્યાન બાદ શ્રોતાઓ દ્વારા પૂછવામાં આવેલા પ્રશ્નોના સંતોષકારક ઉત્તરો પણ પ્રભુજી દ્વારા પાઠવવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન પ્રૉ. ડૉ. આનંદ મંકોડિયા દ્વારા કરવામાં આવ્યું હતું.